# રોજગાર અને તાલીમ નિયામકની કચેરી,

(ISO 9001-2008 CERTIFIED ORGANISATION)

ગુજરાત રાજય,બ્લોક નં.૧, ત્રીજોમાળ, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.

ફોન નં.૨૩૨૫૩૮૧૨. ફેકસ:-૦૭૯ ૨૩૨૫૩૮૩૫.વેબ સાઈટ:www.talimrojgar.org.


ક્રમાંક : CST/મો.ડ્રા.ફી/૨૦૧૨/ ૭૦૬૨

તારીખ :૨૩/૦૮/૨૦૧૨

## વિષય: સરકારી આઇ.ટી.આઇ માં કાર્યરત મોટર ડ્રાઇવીંગ સ્કુલની ફી બાબત.

## // પરિપત્ર //

આ કચેરીના નિયંત્રણ હેઠળ આવેલ સંસ્થાના મોટર ડ્રાઇવીંગ સ્કુલમાં તાલીમ આપતી ઔદ્યોગીક (તાલીમ) સંસ્થાઓના વડાઓને નીચેની બાબતે તાત્કાલીક અમલમાં આવે તેવી રીતે નીચે જણાવેલ સુચનાઓને ધ્યાને લઇ કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

૧. સરકારી ઔદ્યોગીક તાલીમ સંસ્થાઓ ખાતે મોટર ડ્રાઇવીંગ સ્કુલમાં અગાઉ રૂપિયા.૧૦૦૦/- ફી મેળવવામાં આવતી હતી. જેના બદલે હવેથી નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

૨. માનનીય મંત્રીશ્રી, શ્રમ અને રોજગાર અને નાણાં મંત્રીશ્રી, સચિવાલય, ગાંધીનગર ધ્વારા સરકારી આઇ.ટી.આઇ માં કાર્યરત ડ્રાઇવીંગ સ્કુલમાં મોટર ડ્રાઇવીંગ તાલીમ ફી પેટે સામાન્ય ઉમેદવારોને માટે રૂપિયા.૫૦૦/- તથા SC/ST/BPL/PH તથા બહેનો માટે રૂપિયા.૨૫૦/- ફી સ્વીકારવાનું ધોરણ નિયત કરવામાં આવે છે. અને આ બાબતનો અમલ આગામી તારીખ. ૦૧/૦૯/૨૦૧૨થી તાત્કાલીક અસરથી અમલમાં આવે તે રીતે કરવાનો રહેશે.

3. વધુમાં કેન્દ્ર સરકાર તરફથી રાજય સરકારને મળેલ ફંડ અન્વયે પબ્લીક પ્રાઇવેટ પાર્ટનર શીપ (PPP) યોજના હેઠળ જે સંસ્થાઓ ખાતે પીપીપી ફંડમાંથી વાહન ખરીદીને રેવન્યુ જનરેશનના ભાગ રૂપે મોટર ડ્રાઇવીંગ સ્કુલના અભ્યાસ ક્રમો ચલાવવામાં આવતા હોય તો તેવી સંસ્થાઓએ પણ ફી નું ધોરણ મુદ્દા નંબર. ૨ (બે)માં જણાવ્યા પ્રમાણે જ રાખવાનું રહેશે જેથી ફી અંગેના ધોરણમાં એક સુત્રતા જળવાઇ રહે તે માટે આ અંગેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.આવી સંસ્થાઓએ તાલીમી ફી રેવન્યુ જનરેશનનાંભાગ રૂપે સંસ્થા કક્ષાએ જમા કરી ડ્રાઇવીંગ સ્કુલની તાલીમનો ખર્ચ તેમાથી ઉગવવાનો રહેશે.

૪. સરકારી ઔદ્યોગીક તાલીમ સંસ્થામાં ચાલતી મોટર ડ્રાઇવીંગ સ્કુલની તાલીમી ફી જીસીવીટી ખાતે જમા કરાવી જીસીવીટી ખાતે જમા થયેલ રકમમાંથી ફેકલ્ટીનો રૂપિયા ૪૫૦૦/-ની મર્યાદામા રહીને ખર્ચ ઉગવવાનો રહેશે. વાહનનિભાવ તેમજ કાચોમાલસામાનનો ખર્ચ આઇ.ટી.આઇ ની રાજ્ય સરકારના જેતે સદરહુ હેડની ગ્રાંટમાંથી કરવાનો રહેશે.

૫. મોટર ડ્રાઇવીંગસ્કુલમાં મોટર ડ્રાઇવીંગ સ્કુલ અધિનિયમ એક્ટની જોગવાઇ મુજબ લાયસન્સ મેળવવા માટે જરૂરી સાહિત્ય, મટીરીયલ્સ તેમજ મોટર ડ્રાઇવીંગની જરૂરી લાયકાત ધરાવતા ઇન્સ્ટ્રકટરની વ્યવસ્થા કરી આપે લાયસન્સ મેળવેલ હશેજ. સંસ્થા દ્વારા અપાતી તાલીમ ગુણવત્તા સભર, સલામત, સારી અને ઉચ્ચ ગુણવતાની હોવી જોઇએ તે મુજબ આયોજન કરવું.

૬. ડ્રાઇવીંગ સ્કુલ માટે ફાળવેલ વાહનો અધતન અને સારી કન્ડિશનમાં રાખવા, ડ્રાઇવીંગ માટે ઉપયોગમાં લેવાતા વાહનમાં ટ્રેનીંગ માટે જે કઇ સુધારા વધારા, લખાણ, પેઇન્ટિંગ, સ્ટીકર લગાવવાની કાર્યવાહી કરવાની હોય તે કરાવી લેવી.

૭. મોટર ડ્રાઇવીંગ ની તાલીમમાં જોડાવવા માટેનું આ સાથે બિડેલ પ્રવેશ ફોર્મ મુજબનું રાખવું. પ્રવેશ ફોર્મ કે રજીસ્ટ્રેશન માટે કોઇ પણ પ્રકારની ફી લેવાની રહેશે નહિ.

૮. પ્રેકટીકલ ટેસ્ટ આ સાથે બિડેલ ''FORMATIONS FOR PRACTICAL TEST''મુજબ રાખવું.

૯. મોટર ડ્રાઇવીંગ સ્કુલનું થીયરી રૂમનું LAYOUT પણ આ સાથે બિડેલ પત્રક મુજબ પણ રાખવું. થીયરી રૂમમાં ફરજીયાત નિશાનીઓ, સાવધાનીની નિશાનીઓ અને માહીતીની નિશાનીઓ પણઆ સાથે બિડેલ નિશાનીઓ મુજબ રાખવી.

૧૦. સંસ્થા ખાતે Frontageમાં ડીસ્પ્લેમાં મોટર ડ્રાઇવીંગ સ્કુલ કાર્યરત છે. તેવું બોર્ડ સામાન્ય નાગરીક જોઇ શકે તે રીતે જાહેરમાં લગાવવું.બોર્ડનો નમુનો આ સાથે સામેલ છે.

૧૧. તાલીમાર્થીઓને ડ્રાઇવીંગ પ્રેકટીસ શરૂ કરાવતા પહેલા આર.ટી.ઓ તરફથી ટ્રેનીંગ અંગેનું કાચુ લાયસન્સ મેળવી લેવા જણાવવું અને ત્યાર બાદજ ડ્રાઇવીંગ પ્રેક્ટીસ શરૂ કરવી. કાચા લાયસન્સ મેળવ્યા સિવાય પ્રેક્ટીસ આપવી નહી.

૧૨. ડ્રાઇવીંગ પ્રેકટીસ આપનારા ઇન્સ્ટ્રકટર નિયમ મુજબ પુરતી શૈક્ષણીક લાયકાત અનુભવ તથા લાયસન્સ ધરાવતા હોવા જોઇએ તેમજ ડ્રાઇવીંગ પ્રેકટીસ માટે તાલીમ મેળવતા ઉમેદવારો સાથે સારો તથા સૌજન્યપુર્ણ વ્યવહાર કરે તે માટે સુચના આપવી.

૧૩. મોટર ડ્રાઇવીંગ સ્કુલને વધુમાં વધુ લોક્વ્યાપી બનાવવા બહોળી પ્રસિધ્ધિ ધરાવતા અખબારોમાં વિનામુલ્યે અખબારી યાદી પ્રસિધ્ધ કરાવવી તેમજ પ્રચાર પ્રસારની કાર્યવાહી કરવી.

૧૪. ઔધોગીક તાલીમ સંસ્થામાં ઉપલબ્ધ કટમોડલના આધારે પ્રેકટીકલ તાલીમ માટેની ઉમેદવારોને સમજ આપવી. તેમજ એન્જિન ના અન્ય ભાગોનું વર્કીંગ સમજાવવું.

૧૫. આ કોર્ષ જુદી રીતે તરી આવે તેવું વિશિષ્ટ વાતાવરણ ઉભું કરવું. ફ્સ્ટ એઇડની સુવિધા અને નાનું ફાયર એક્સ્ટીંગ્યુશર પણ રાખવું.

૧૬. લર્નીંગ લાયસન્સ ફી તથા પાકા લાયસન્સ ની ફી ઉમેદવાર ભોગવશે.

નિયામક
રોજગાર અને તાલીમ
ગાંધીનગર

<u>બિડાણ:-</u> ઉપર મુજબ

**નકલ રવાના:-**

પ્રતિ,

(૧) મોટર ડ્રાઇવીંગ સ્કૂલ કાર્યરત હોય તેવી તમામ આચાર્યશ્રી, સરકારી ઔદ્યોગીક તાલીમ સંસ્થા ................................... તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી તાત્કાલીક હાથ ધરવા સારૂ.

(૨) નાયબ નિયામકશ્રી,(તાલીમ) પ્રાદેશિક કચેરી, અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી હાથ ધરવા સહ.

(૩) નાયબ નિયામકશ્રી ગુજરાત કાઉન્સીલ ફોર વોકેશનલ ટ્રેનીંગ(જીસીવીટી) તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી હાથ ધરવા સારૂ.

(૪) શાખા અધિકારીશ્રી, (૧) કે.વી. કે. શાખા (૨) શાખા "ચ" સીટીએસપીપીપી (૩) શાખા "ત" (બજેટ) (૪) હિસાબી શાખા "ઝ" તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

कौशलम् बलम्

d/83

# સરકારી મોટર ડ્રાઈવીંગ સ્કુલ

## પ્રવેશ ફોર્મ

તારીખ : ________ તાલીમાર્થી નંબર : ________ ફોર્મ નંબર : ________

નામ : ____________________

જન્મતારીખ : ________ પુરુષ/સ્ત્રી ________ જાતી : ________

પરણીત/અપરણીત : ________ શૈક્ષણિક લાયકાત : ________

સરનામું : ____________________

____________________

____________________

કોર્ષનું નામ : ________

ફી ની રસીદ નંબર : ________ કોન્ટેક્ટ નંબર : ________

લાયસન્સ નંબર : લર્નીંગ લાયસન્સ : ________ પરમેનન્ટ લાયસન્સ : ________

તાલીમ માટેનુ વાહન : ________ તાલીમનો સમય (બેચ) : ________

તારીખ : ________

સ્થળ : ________


અરજદારની સહી

# FORMATIONS FOR PRACTICAL TEST


## TEST TRACK

Total no. of cones : 45

**Distance between cones can be adjusted from 6-7 feet as per requirment other than zig - zag**



# LAYOUT OF MOTOR DRIVING SCHOOL




1. LIGHT MOTOR VEHICAL
2. SIMULATOR
3. WALLCHART FOR SAFTY RULES
4. WALLCHART FOR TRAFFIC SIGN
5. GENERAL RULES OF R.T.O.
6. COMPUTER TABLE
7. COMPUTER
8. CHAIR
9. CUPBOARD
10. DISPLAYBOARD
11. WORKBENCH
12. TABLE / STOOL

રોજગાર અને તાલીમ નિયામકની કચેરી,
(ISO 9001-2008 CERTIFIED ORGANISATION)
ગુજરાત રાજ્ય,બ્લોક નં.૧, ત્રીજોમાળ, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
ફોન નં.૨૩૨૫૩૮૧૨. ફેક્સ:-૦૭૯ ૨૩૨૫૩૮૩૫.વેબ સાઈટ:www.talimrojgar.org.

ક્રમાંક : CST/મો.ડ્રા.ફી/૨૦૧૨/૨૧૬૮
તારીખ : ૨૭/૦૮/૨૦૧૨

**વંચાણે લીધો** :- તારીખ : ૨૩/૦૮/૨૦૧૨ ક્રમાંક : CST/મો.ડ્રા.ફી/૨૦૧૨/૨૦૬૧

**વિષય: સરકારી આઇ.ટી.આઇ માં કાર્યરત મોટર ડ્રાઇવીંગ સ્કુલની ફી બાબત.**

## // પરિપત્ર //

ઉક્ત વંચાણે લીધેલ પરિપત્ર અન્વયે આ કચેરીના નિયંત્રણ હેઠળ આવેલ મોટર ડ્રાઇવીંગ સ્કુલમાં તાલીમ આપતી ઔદ્યોગીક (તાલીમ) સંસ્થાઓના વડાઓને વિવિધ સૂચના આપવામા આવેલ હતી અને આ સાથે મોટર ડ્રાઇવીંગ સ્કૂલના વર્ગ માટે બહોળા પ્રચાર-પ્રસાર માટે કૂલ - ૦૪ પ્રકારના કલરીંગ સાઇનેજ બોર્ડના નમૂના સામેલ કરેલ છે જે અંગેની વિગત નીચે પ્રમાણે દર્શાવેલ છે.

(૧) મોટર ડ્રાઇવીંગ સ્કૂલ માટેના આ સાથે કલરીંગ સાઇનેજ બોર્ડના નમૂનો સામેલ કરેલ છે જેમાં મોટા અક્ષરે મોટર ડ્રાઇવીંગ સ્કૂલ આઇ. ટી. આઇ. ખાલી જ્ગ્યા દર્શાવેલ છે જેમાં આપની સંસ્થાનું નામ દર્શાવવાનું રહેશે અને જેનુ માપ ૮ ફૂટ (ઉંચાઇ) x ૬ ફૂટ (પહોળાઇ) રાખવાની રહેશે અને ઉમેદવારો આ બોર્ડ સહેલાઇથી જોઇ શકે તે પ્રમાણે સંસ્થાના મુખ્ય પ્રવેશ દ્વાર પાસે ફીટીંગ કરાવવાનું રહેશે.

(૨) આપની સંસ્થા ખાતે મોટર ડ્રાઇવીંગ સ્કૂલ માટેનુ આ સાથે ફરજીયાત નિશાનીઓ માટેના સાઇનેજ બોર્ડના નમૂનો સામેલ કરેલ છે જેમાં સાઇનેજ બોર્ડના હેડીંગમા મોટા અક્ષરે **Life is safe, if driving is safe** અને જેનુ માપ ૬ ફૂટ (ઉંચાઇ) x ૫ ફૂટ (પહોળાઇ) રાખવાની રહેશે અને મોટર ડ્રાઇવીંગ સ્કૂલની પ્રાયોગીક કાર્યશાળામાં આ બોર્ડ લગાવવાનું રહેશે.

(૩) આપની સંસ્થા ખાતે મોટર ડ્રાઇવીંગ સ્કૂલ માટેનુ આ સાથે સાવધ થવાની નિશાનીઓ માટેના સાઇનેજ બોર્ડના નમૂનો સામેલ કરેલ છે જેમાં મોટા અક્ષરે CAUTIONARY SIGNS (The drivers should obey these signs for safety) અને જેનુ માપ ૬ ફૂટ (ઉંચાઇ) x ૫ ફૂટ (પહોળાઇ) રાખવાનુ રહેશે મોટર ડ્રાઇવીંગ સ્કૂલની પ્રાયોગીક કાર્યશાળામાં આ બોર્ડ લગાવવાનું રહેશે.

(૪) આપની સંસ્થા ખાતે મોટર ડ્રાઇવીંગ સ્કૂલ માટેનુ આ સાથે માહિતી માટેની નિશાનીઓના સાઇનેજ બોર્ડના નમૂનો સામેલ કરેલ છે જેમાં મોટા અક્ષરે INFORMATORY SIGNS દર્શાવેલ છે અને જેમા કૂલ ૦૮ પ્રકારની કેપિટલ અંગ્રેજી અક્ષરો તેમજ પેટ્રોલ પંપ, હોસ્પિટલ, પ્રાથમિક સારવાર કેન્દ્ર, પૂર માપક કોષ્ટક અને સ્થળ, દિશા અને અંતર સૂચવે છે તે પ્રમાણેના ૦૮ પ્રકારની જુદી જુદી નિશાનીઓને પ્રત્યેક નિશાનીઓનું માપ ૧૮ ઇંચ X ૧૨ ઇંચ રાખવાનું રહેશે અને મોટર ડ્રાઇવીંગ સ્કૂલની પ્રાયોગીક કાર્યશાળામાં આ બોર્ડ લગાવવાનું રહેશે.

આમ, ઉપરોક્ત વંચાણે લીધેલ પરિપત્રમા આપેલ સૂચનાઓ ઉપરાંત આ સાથે જણાવેલ આપની સંસ્થા ખાતે મોટર ડ્રાઇવીંગ સ્કૂલ માટે જરૂરી બોર્ડ તૈયાર કરાવી તાત્કાલીક અસરથી અમલ કરવાનો રહેશે અને આ અંગેના ફોટોગ્રાફ્સ તાલીમાર્થીઓ તાલીમ લેતા હોય તે સહિતની વિગતો આ કચેરીના મદદનીશ તાલીમ નિયામકશ્રી એચ. પી. ચોક્સીના નામ જોગ વિગતો મોકલી આપવાની રહેશે.

આ પરિપત્રનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

( એમ. એમ. દવે )
નાયબ નિયામક (તાલીમ)
રોજગાર અને તાલીમ
ગાંધીનગર

<u>બિડાણ:-</u> ઉપર મુજબ

**નકલ રવાના:-**

પ્રતિ,

(૧) મોટર ડ્રાઇવીંગ સ્કૂલ કાર્યરત હોય તેવી તમામ આચાર્યશ્રી, સરકારી ઔદ્યોગીક તાલીમ સંસ્થાઓના વડા તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી તાત્કાલીક હાથ ધરવા સારૂ.

(૨) નાયબ નિયામકશ્રી,(તાલીમ) પ્રાદેશિક કચેરી, અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી હાથ ધરવા સહ.

(૩) નાયબ નિયામકશ્રી ગુજરાત કાઉન્સીલ ફોર વોકેશનલ ટ્રેનીંગ(જીસીવીટી) તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી હાથ ધરવા સારૂ.

(૪) શાખા અધિકારીશ્રી, (૧) કે.વી. કે. શાખા (૨) શાખા "ચ" સીટીએસ/પીપીપી (૩) શાખા "ત" (બજેટ) (૪) હિસાબી શાખા "ઝ" તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

कौशलम् बलम्

# મોટર ડ્રાઈવિંગ સ્કૂલ
# આઈ.ટી.આઈ., .





**મોટર ડ્રાઈવિંગ સ્કૂલની તાલીમ ચાલુ છે.**
**પ્રવેશ વાંચ્છુ ઉમેદવારોએ સંપર્ક કરવો.**

# સાવધ થવાની નિશાનીઓ


ચેતવણી સૂચવે છે : સુરક્ષિત રહેવા વાહન ચાલકે તેનું પાલન અચુક કરવું.

# CAUTIONARY SIGNS

The driver should obey these signs for safety




# માહિતી માટેની નિશાનીઓ INFORMATORY SIGNS



બન્ને બાજુ પાર્કિંગની જગ્યા
PARKING BOTH SIDES



સીધો રસ્તો નથી
NO THROUGH ROAD



સીધો સાઇડ રસ્તો નથી
NO THROUGH SIDE ROAD




પેટ્રોલ પંપ
PETROL PUMP



હોસ્પિટલ
HOSPITAL



પ્રાથમિક સારવાર કેન્દ્ર
FIRST-AID POST




પૂર માપક કોષ્ટક
FLOOD GAUGE




સ્થળ, દિશા અને અંતર સૂચવે છે
DESTINATION SIGN